ગાંધીનગર સમાચાર

# ડાકોરના ઠાકોરને મળવા ઉમટેલો ચોમેરથી માનવ મહેરામણ

## જશોદાનગર ચોકડીથી આમશરણ, નેનપુર, ખાત્રજ, વાંઠવાળી, સિંહુજ, મહુધા, અલીણા સહિતના વડોદરા તરફના માર્ગો ઉપર પણ પદયાત્રિકો માટે સેવા-સુશ્રુષાના ઠેરઠેર શરુ થયેલા સેવાકેન્દ્રો : તમામ માર્ગો ઉપર પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવાયો

નડિયાદ,તા.૨૦

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં બિરાજમાન રાજાધીરાજ રણછોડરાયને મળવા માટે અને ફાગણી પૂનમના પવિત્ર તહેવારે સોના-ચાંદીની પિચકારીએ પ્રભુની સાથે રસભીના થવા માટે ચોમેરથી



માનવમહેરામણ ઉમટી પડ્યો છે. ચાલુ વર્ષે પરીક્ષાઓની સમાપ્તિ થઈ ગઈ છે. હજુ ભગવાન સૂર્ય નારાયણ અગ્નજ્વાળાઓ વરસાવી રહ્યા નથી. તથા સર્વત્ર ઠંડી લહેરો રાત્રિના સમયે પ્રસરેલી જોવા મળે છે જેના પરિણામે ચાલુ વર્ષે ફાગણી પૂનમના મેળામાં ૧૦ લાખથી વધુ યાત્રિકો રાજા રણછોડરાયના દર્શન કરવા માટે ડાકોરમાં ઉમટી પડે તેવી સંભાવનાઓ છે. જેના પરિણામે સમગ્ર યાત્રાધામના માર્ગો ઉપર અને ડાકોરમાં કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તે માટે જિલ્લા પોલીસવડા મનીનન્દરસિંહ પવારની રાહબરી હેઠળ ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ બંદોબસ્તનું સમગ્ર સંચાલન જિલ્લા કલેક્ટર કે.કે.નિરાલાના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામો પૈકીના એક ડાકોરમાં ફાગણી પૂનમનો મેળો દરવર્ષે હર્ષોલ્લાસથી ઉજવવામાં આવે છે. રાજ્ય સરકાર પણ આ મેળાને લઈને ભારે ઉત્સાહિત હોય છે. આ ફાગણી પૂનમના મેળામાં રાજ્ય સરકાર દ્વારા પણ રાત્રિના સમયે કૃષ્ણલીલા, વિષ્ણુસહસ્ત્ર નાટક, ગરબા, એકપાત્રીય અભિનય, ભવાઈ અને કૃષ્ણની મુલાકાતની લઘુનાટિકા સહિતના કાર્યક્રમો ફાગણી પૂનમની રાત્રિના દિવસે તા. ૨૨માર્ચના રોજ સાંજે ૭-૩૦ કલાકે ડાકોરના ગોમતીઘાટે નરસિંહ ટેકરી સામે યોજાશે. સાથે સાથે તા. ૨૩માર્ચના રોજ નરેશદાન ગઢવી અને તેમના કલાવૃંદનો ડાયરો પણ યોજવાનું આયોજન કરાયું છે. આ મહાઉત્સવનું ઉદ્‌ઘાટન ખેડાના સાસંદ દેવુસિંહ ચૌહાણના હસ્તે થશે. જ્યારે મુખ્ય મહેમાન પદે પંચમહાલના સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ અતિથિપદે જિલ્લા પંચાયતના પ્રમુખ જયંતિભાઈ સોઢા, ધારાસભ્ય રામસિંહ પરમાર, ડાકોરના નગરપ્રમુખ વનીતાબેન શાહ ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનું આયોજન કમિશ્નર જે.ટી.અખાણી કલેક્ટર કે.કે.નિરાલા અને સચિવ મનીષ ભારદ્વાજની રાહબરી હેઠળ કરવામાં આવ્યું છે. જેનો લાભ ડાકોરના પદયાત્રિકો લઈ શકશે.

ફાગણી પૂનમના મેળા નિમિત્તે અમદાવાદના જશોદાનગર ચોકડીથી શરુ કરીને ડાકોર સુધીના માર્ગ પર ઠેરઠેર સેવા કેન્દ્રો શરુ થઈ ગયા છે. આ સેવાકેન્દ્રોમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી હરિનભાઈ પાઠકનો સેવાકેમ્પ નેનપુર ચોકડી, ખાત્રજ ચોકડી, વાંઠવાળી, સિંહુજ, મહુધા, અલીણા સહિતની વડોદરા તરફના સારસા, ખંભોળજ, ઓડ, ઉમરેઠના માર્ગો ઉપર પણ વિવિધ પ્રકારના નાસ્તાઓ જેવા કે સેવ-ગાંઠીયા, મમરા, બુંદી, બટાકાપૌંઆ, ખમણ, ઢોકળા, ખીચડી-કઢી, શીરો-પુરી, સમોસા, કચોરી, વિવિધ ફળો, સરબત, છાસ અને પાણીના સેવાકેન્દ્રોની સાથે સાથે સેવા-સુશ્રુષા માટે પગચંપી દવા કેમ્પો તથા સ્નાનાગારના પણ આયોજનો અર્થે સેવાકેમ્પો ધમધમી રહ્યા છે. ખાત્રજ ચોકડી પાસેના સુચિત સ્વામિનારાયણ મંદિરના સ્થાનમાં મહેમદાવાદના સોમવાર પ્રાર્થના મંડળનો સૌથી મોટો કેમ્પ યોજાય છે. જેનો પ્રારંભ શનિવારે ઢળતી સંધ્યાએ થઈ ગયો છે. આ સેવા કેન્દ્રમાં ખીચડી, કઢી, પુરી, શાક, સેવ, મમરા, ગાંઠીયા, ચા-કોફી અને સુવાની વ્યવસ્થા પ્રાપ્ત થઈ રહી છે. જેના પરિણામે પદયાત્રિકોમાં અનેરા આનંદની લાગણી વ્યાપી ગઈ છે. પદયાત્રિકો જયરણછોડ, માખણચોર...ડાકોરમાં કોણ છે...રાજા રણછોડ છે. તારી ધોળી ધજાઓ ફરકે વગેરેના તાલ, ગીત અને લય સાથે હૃદયમાં અનેરો આનંદ લઈને ડાકોર તરફ પ્રયાણ કરી રહ્યા છે.

### મેળામાં ગોઠવાયેલો ચુસ્ત પોલીસ બંદોબસ્ત

જિલ્લા પોલીસવડા મનીન્દરસિંહ પવારના માર્ગદર્શન હેઠળ સમગ્ર ખેડા જિલ્લા સહિત યાત્રાધામ ડાકોરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે આ બંદોબસ્તમાં જિલ્લા બહારથી બોલાવાવમાં આવેલ અધિકારીઓ સહિતના તમામ વર્ગની સ્થિતિ જોઈએ તો, સિવીલ ડીફેન્સ, એસસીઆરબી, એસઆરપી, હોમગાર્ડઝ સહિતના દળોને ગોઠવવામાં આવ્યા છે. આ



બંદોબસ્તમાં ૧૧ ડીવાયએસપી, ૨૪ પીઆઈ, ૭૯ પીએસઆઈ, ૪૯૦ હેડ.પોકો., ૩૯૭ કંપનીના જવાનો, અને ૪૦ મહિલા પોલીસનો સમાવેશ થાય છે. જ્યારે સમગ્ર જિલ્લાની પોલીસ તો વિવિધ નિયત સ્થળોએ તૈનાત જ રહેશે.



દેશભરમાં ગૌવંશ ખુલ્લેઆમ વેચાઈ રહ્યું છે અને ગૌ હત્યા ગેરકાયદેસર રીતે કતલખાનાઓમાં થઈ રહી છે. ગૌરક્ષાના બદલે ગૌ હત્યામાં વધારો થતા જીવદયાપ્રેમીઓ, માલધારી સમાજ અને ગૌરક્ષા સમિતિની લાગણી દુભાઈ રહી છે. ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માંગ સાથે રાજકોટ કલેકટર કચેરીમાં આઠ ગૌભકતોએ ઝેરી દવા ગટગટાવી જઈ ગભરૂભાઈ લાંબડીયાનું મોત નિપજતા ગૌભકતો આઘાતમાં સરી પડયા હતા. સમગ્ર દેશમાં અને ગુજરાત રાજયમાં ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા ઠેરઠર રેલીઓ અને આવેદનપત્રના કાર્યક્રમ ચાલી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં મોડાસા માલધારી સમાજ, જીવદયા પ્રેમીઓ અને ગૌરક્ષા સમિતિએ ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા ચાર રસ્તાથી રેલી સ્વરૂપે જિલ્લા કલેકટર કચેરી ખાતે અધિક કલેકટર ચિરાગ ચાવડાને આવેદનપત્ર આપી મોડાસાના આજુબાજુના વિસ્તારમાં રાત્રીના સમયે કસાઈઓ ગૌ વંશની ચોરી કરી કતલખાને ધકેલવાની બદીને અટકાવવાની ઉગ્ર માંગ કરવાની સાથે આ બદી નહિ અટકે તો ગૌભકતો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## પ્રાંતિજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનું ગૌરવ

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રીમતી એમ. સી. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સમાજ શાસ્ત્ર વિષયના અધ્યાપક રમેશકુમાર કાંતિલાલ રાવલિયાએ ભાવનગર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડા. એચ. એલ. ચાવડાના માર્ગદર્શન



હેઠળ "ગ્રામીણ સમાજમાં પ્રવર્તમાન અષ્પૃશ્યતાની સમસ્યા" વિષયક સમાજશાસ્ત્રીય અભ્યાસ કર્યો છે. પ્રસ્તુત અભ્યાસના મહા શોધનિબંધને સ્વીકારી યુનિવર્સિટીએ શ્રી આર. કે. રાવલિયાને પીએચ.ડી.ની પદવી એનાયત કરતાં તેવોએ એમ. સીધા. દેસાઈ આર્ટ્સ એન્ડ કોર્મસ કોલેજ પ્રાંતિજ નું પણ ગૌરવ વધાર્યુ છે જેથી કોલેજના આચાર્ય ડૉ કામેશ્વર પ્રસાદ તથા સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવાવવામાં આવ્યા હતા.





### પ્રાંતિજમાં ૩ સ્થળોએ ઘઉંનો તૈયાર પાક આગમાં સ્વાહા

પ્રાંતિજ તાલુકામાં અલગ-અલગ ત્રણ જગ્યાએ ખેતરમાં તૈયાર થયેલ પાકમાં આગ લાગતા ખેડૂતના હાથમાં આવેલ કોળીયો વિજકંપનીની બેદરકારીને લીધે છીનવાઈ જતાં ત્રણ ગામના ખેડૂતોને મોટુ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. પ્રાંતિજ તાલુકાના નનાનપુર, વાઘરોટા, શાન્તિપુરા ત્રણ જગ્યાએ ખેતરોમાં થઈને પસાર થતાં વિજ વાયરો ઢીલા હોવાથી એક બીજા સાથે ટકરાતાં તણખલા પડતા ખેતરમાં તૈયાર થયેલ પાક બળીને સ્વાહા થઈ ગયો છે. જેમાં શાન્તિપુરા ગામે રાઠોડ વક્તુસિંહ લાલસિંહના ખેતરમાં પણ ઉપરથી પસાર થતાં વાયરો પવનને કારણે ટકરાતા તણખલા પડતા પાક બળીને સ્વાહા થઈ ગયો છે. ત્યારે નનાનપુર ખાતે તો ખેતરમાં આગ લાગતા નગરપાલિકા ફાયર ફાયટરની મદદ લેવામાં આવી હતી ત્યારે હાલ તો ત્રણેય ખેડૂતોને વિજકંપનીની બેદરકારીને લીધે હાથમાં આવેલ કોળીયો છીનવાયો છે.

# ખિલોડા ગામે વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## રહેણાંક મકાનમાં ૧.૧૪ લાખની કિંમતનો દારૂ છુપાવવામાં આવ્યો હતો

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં હોળી-ધૂળેટીના તહેવારને લઈ મોટા પ્રમાણમાં વિદેશી દારૂની હેરાફેરી વધી જવા પામી છે. ત્યારે અરવલ્લી એલસીબી પોલીસની ટીમે બાતમીના આધારે ખિલોડા ગામના રહેણાંક મકાનમાંથી રૂ. ૧.૧૪ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ



તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શામળાજી-હિંમતનગર માર્ગ પર ખિલોડા ગામના પીકઅપ સ્ટેન્ડ પાસે રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાયેલો રાખ્યો હોવાની બાતમી એલસીબી ટીમને મળી હતી. જે બાતમીના આધારે પોલીસ ટીમે રામસિંહ વિજયસિંહ સિસોદીયાના ઘરે દરોડો પાડી વગર પાસ પરમિટની કુલ ૨૫૫ નંગ વિદેશી દારૂની બોટલ જપ્ત કરી હતી. જેની કિંમત રૂ. ૧,૧૪,૭૦૦ થાય છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વિજયનગરની અભાપુર ખાતે પોળો ઉત્સવનું સમાપન

હિંમતનગર, તા. ૨૦

અરવલ્લીની ડુંગરમાળમાં હરિયાળી ટેકરીઓ અને આહ્‌લાદક પ્રાકૃતિક-ઐતિહાસિક વિરાસતનો આ અમૂલ્ય નજારો અને પૂરાત્વીય-ઐતિહાસિક ધરોહરને વિશ્વભરના પર્યટકો માટે અભ્યાસ-રોમાંચ-સાહસ અને પ્રકૃતિ દર્શનનું સ્થાન બને તે માટે પોળો ઉત્સવમાં ટેન્ટ સિટી, સાયકલીંગ ભૂમિકા ભજવશે. સ્થાનિક સખી મંડળની બહેનો માટે પોળો ઉત્સવએ આદિજાતિ પરીવારો માટે આર્થિક ઉન્નતિનો આધાર બની રહેશે તેવી આશા વ્યકત કરી હતી.



વિશ્વ પ્રવાસન આકર્ષણ કેન્દ્ર તરીકે ઉભરી આવેલા પોળો ખાતે પોળો ઉત્સવનું સમાપન અને સાયકલ કાર્નિવલનો પ્રારંભ સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી રમણલાલ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી રમણલાલ વોરાએ આદિજાતિ ક્ષેત્રમાં પોળોના જંગલો ટ્રેકિંગ અને એડવેન્ચર સ્પોર્ટસના આધુનિક આયામો ઉભા કરવાનો જિલ્લા વહિવટીતંત્ર અને પ્રવાસન વિભાગ ધ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. તેમ જણાવ્યું હતું.

તેમણે પોળો ઉત્સવથી સ્થાનિક આદિજાતિ કારીગરોના કલાના કામણ દેશ વિદેશમાં પ્રખ્યાત થાય તે માટે આ ઉત્સવ પાયાની

સાયકલ કાર્નિવલમાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાયના ચેક આપવામાં આવ્યા હતા.

જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે ઈકો ટુરીઝમનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરી અદભૂત રોમાંચ અને સાહસથી ભરેલ સાયકલ રેસમાં તમામ સાયકલિસ્ટો તથા મહાનુભવોને સ્વાગત પ્રવચનથી આવકાર્યા હતા.

# અરવલ્લી જિલ્લા ભાજપમાં ત્રણ મહામંત્રીની નિયુક્તિ કરાઈ

## મોડાસા તાલુકામાંથી બે અને બાયડ તાલુકામાંથી એક મહામંત્રી બન્યા

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લા ભાજપના પ્રમુખપદે અગાઉ રણવીરસિંહ ડાભીની નિયુક્તિ કરાયા પછી જિલ્લા ભાજપના ત્રણ મહામંત્રીઓની પ્રદેશ ભાજપ દ્વારા નિયુક્તિ કરીને તેની જાહેરાત પણ આજરોજ કરી દેવામાં આવી છે.

જેમાં મોડાસા તાલુકામાંથી બે અને બાયડ તાલુકામાંથી એક મહામંત્રી બનાવ્યા છે. આ ત્રણ નવા વરાયેલા મહામંત્રીઓમાં મોડાસા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ શામળભાઈ એમ. પટેલ (જીતપુર-મોડાસા), એવા જ પૂર્વ તા. પં. પ્રમુખ એસ.એમ. ખાંટ (બાયલ-ઢાંખરોલ તા. મોડાસા) અને હાલના બાયડ તાલુકા ભાજપ પ્રમુખ ધીમંત પટેલ (ગાબટ, તા. બાયડ)નો સમાવેશ થાય છે. ત્રણેય મહામંત્રીઓની આ નિયુક્તિને જિલ્લાના તમામ કાર્યકરોએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.

# અન્ફિબીમ ઈન્કોર્પોરેશન લિમિટેડનો આઈપીઓ આજે ખુલશે અને ૨૩ માર્ચ, ૨૦૧૬ના રોજ બંધ થશે

અન્ફિબીમ ઈન્કોર્પોરેશન લિમિટેડ ("કંપની" કે "ઈશ્યૂઅર")નો પબ્લિક ઈશ્યૂ ૨૧ માર્ચ, ૨૦૧૬ને સોમવારે ખુલશે. આ પબ્લિક ઈશ્યૂના દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રોકડ માટે રૂ. ૧૦ છે. ("ઈક્વિટી શેર") અને પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૩૬૦થી રૂ. ૪૩૨ છે (શેર પ્રીમિયમ સહિત) આ રીતે કુલ રૂ. ૪,૫૦૦ મિલિયનનું ભંડોળ ઊભું કરવામાં આવશે.

પબ્લિક ઈશ્યૂના ગ્લોબલ કો-ઓર્ડિનેટર એન્ડ બુક બિલ્ડિંગ રનિંગ લીડ મેનેજર ("જીસીબી આરએલએમ") એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ છે અને બુક રનિંગ લીડ મેનેજર ("બીઆર એલએમ") એલાર કેપિટલ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ છે.

સેબી આઈસીડીઆર નિયમનો પ્રમાણે કંપની એન્કર ઈન્વેસ્ટર્સની સહભાગિતાનો વિચાર કરવા જીસીબી આરએલએમ અને બીઆરએલએમ સાથે ચર્ચાવિચારણા કરી શકે છે. બિડ્સ લઘુત્તમ ૩૪ ઈક્વિટી શેર માટે કરી શકાશે અને પછી ઈક્વિટી શેર ૩૪ના ગુણાંકમાં બિડ કરી શકાશે. બિડ/ઈશ્યૂ બુધવારે, ૨૩ માર્ચ, ૨૦૧૬ના રોજ બંધ થશે.

ઈશ્યૂ દ્વારા ઓફર થયેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ લિમિટેડ ("બીએસઈ") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ") પર થશે. બીએસઈ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ રહેશે. ઈશ્યૂ બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે રજૂ કરવામાં આવ્યો છે, જેમાં ઈશ્યૂનો ઓછામાં ઓછો ૭૫ ટકા હિસ્સો પ્રમાણસર ધોરણે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("ક્યુઆઈબી") ને ફાળવવામાં આવશે.

## કઠલાલના બંધ મકાનમાંથી ૩૫ હજારના મુદ્દામાલની ચોરી

નડિયાદ,તા.૨૦

ખેડા જિલ્લાના કઠલાલ શહેરની મહાલક્ષ્મી સોસાયટીમાં રહેતા એક બંધ મકાનના દરવાજાનું તાળુ તોડીને રાત્રિના સમયે તસ્કરોએ ૩૫ હજારની કિંમતનું ૪૨ ઈંચનું ટીવી ઉઠાવી ગયા હોવાની ફરિયાદ કઠલાલ પોલીસ મથકે નોંધાઈ છે. જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કઠલાલ શહેરની મહાલક્ષ્મી સોસાયટીમાં રહેતા પ્રકાશકુમાર જમનાદાસ રાઠીના બહેન નામે પ્રિયાબેનનું મકાન બંધ હતું ત્યારે રાત્રિના સમયે દરવાજાનું તાળું તોડીને મકાનમાં પ્રવેશેલા તસ્કરોએ એલજી કંપનીનું ૪૨ ઈંજનું પ્લાઝમા ટીવી તથા રૂા.૧૨૫ રોકડા મળી કુલ રૂા.૩૫,૧૨૫ના મુદ્દામાલની ચોરી કરી હોવાની ફરિયાદ પ્રકાશકુમાર રાઠીએ કઠલાલ પોલીસ મથકે નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.


## જાહેર નોટીસ

અમો એડવોકેટ સીરાજ એ. મનસુરી તે આથી અમારા અસીલો (૧) પ્રવિણભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઠે.૧૧, નિરાંત પાર્ક કો.ઓ. હાઉસીંગ સોસાયટી, સુદર્શન ટાવર નવજીક, થલતેજ, અમદાવાદ (૨) મહેશકુમાર જયંતિલાલ ઘોડા, ઠે. ૫૫, ગુજરાત હાઉસીંગ સોસા., મોડાસા, તા. મોડાસા, જી. અરવલ્લીના તરફથી મળેલ સુચના અને ફરમાઈશ અન્વયે સમગ્ર જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, તા. ૯/૭/૨૦૦૮ના રોજ અમારા અસીલો તથા પ્રવિણભાઈ મુલચંદભાઈ પટેલ, જયેન્દ્રકુમાર મુલચંદભાઈ પટેલ, લલીતાબેન પ્રવિણભાઈ પટેલ, અલકેશભાઈ ઈશ્વરભાઈ પટેલ, વિગેરે-૧૦ ભાગીદારોએ મળી શ્રીનાથ કોર્પોરેશનના નામની જમીન ખરીદ, વેચાણ તેમજ જમીન ખરીદી તેના ઉપર બાંધકામ કરવાનો અને વેચાણ કરવાનો ધંધો શરૂ કરેલો અને ડીડમાં જણાવેલ વિગતે દરેકના ભાગ નક્કી થયેલ હતા. ત્યારબાદ શ્રીનાથ કોર્પોરેશનના નામથી સાયરા ગામની સીમના સ.નં. ૮૬૩ તથા ૮૬૨/૧ની જમીન ખરીદ કરી દ્વારકાપુરીના નામે બંગલોઝ, ફલેટ, દુકાનો તથા ટેનામેન્ટનું કામકાજ ચાલુ કરેલ. તા. ૧૯/૭/૨૦૧૧ના રોજ શ્રીનાથ કોર્પોરેશનના ભાગીદારોએ એક ભાગીદાર પ્રવિણભાઈ મુલચંદભાઈ પટેલને સ.નં. ૮૬૩ના બાંધકામ બાબતેનો વહીવટ કરવા પાવર ઓફ એટર્ની કરી આપેલી જ્યારે તા. ૨૧/૨/૧૪ના રોજ શ્રીનાથ કોર્પોરેશનના તમામ ભાગીદારોએ વિનોદકુમાર ઈશ્વરભાઈ પટેલની તરફેણમાં સ.નં. ૮૬૨/૧ની જમીનમાં આવેલ દ્વારકાપુરીમાં આવેલ પ્લોટો, દુકાનો, ફલેટો વિગેરે માટે વહીવટ કરવા પાવર ઓફ એટર્ની કરી આપેલ, પરંતુ કેટલાક ભાગીદારોની ગેરવર્તણુંક અને પાવર ઓફ એટર્નીના ખોટા ઉપયોગ થતા હોવાનું જણાતા તા. ૧૪/૧૦/૧૫ના રોજ અમારા અસીલો તથા ઉપર જણાવેલ શ્રીનાથ કોર્પોરેશનના બીજા ભાગીદારો મળી કુલ -૧૦ ભાગીદારોએ મોડાસા ખાતે ભેગા થઈ ચર્ચા કરેલી અને અમારા અસીલો સિવાયના બાકીના તમામ ભાગીદારોએ પોતાના તમામ હિસાબો કરેલ અને ભાગીદારી પેઢીમાંથી છુટા થયેલા. અને સીરીયલ નંબર ૪૭૨૬, ૪૭૨૭થી તા. ૧૫/૧૦/૧૫ના રોજ સ.નં. ૮૬૨/૧ અને ૮૬૩માં આવેલી મિલકતો બાબતે કાયદેસર પાવર ઓફ એટર્ની કેન્સલ કરવામાં આવેલ અને પટેલ પ્રવિણભાઈ મુલચંદભાઈ, લલીતાબેન પ્રવિણભાઈ પટેલ, જયેન્દ્રભાઈ મુલચંદભાઈ પટેલનાઓને ભાગીદારી પેઢીમાંથી નીકળતી રકમ ચુકતે હિસાબ કરીને રકમ મળી ગયેલ છે. તે બદલ સોગંદનામુ કરેલ છે અને પાવર ઓફ એટર્ની રદ કરેલ છે. હવે આ મિલકતમાં પટેલ પ્રવિણભાઈ મુલચંદભાઈ, લલીતાબેન પ્રવિણભાઈ પટેલ, જયેન્દ્રભાઈ મુલચંદભાઈ પટેલનો કોઈ હક્ક દાવો રહેતો નથી. તા. ૧૪/૧૦/૧૫ના રોજ ડીડ ઓફ રીટાયરમેન્ટ કમ પાર્ટનરશીપ ફર્મ તથા ભાગીદારોની સહીઓથી કરવામાં આવેલી જેમાં એક માત્ર અમારા અસીલો ભાગીદારો તરીકે બાકી રહેલા. છુટા થનાર પટેલ પ્રવિણભાઈ મુલચંદભાઈ, લલીતાબેન પ્રવિણભાઈ પટેલ, જયેન્દ્રભાઈ મુલચંદભાઈ પટેલ ભાગીદારોએ પોતપોતાના હિસાબ વસુલ મેળવી તે બાબતના અને સ.નં. ૮૬૨/૧, ૮૬૩ની મિલકતોમાં પોતાનો કોઈ જ હક્ક, હિત કે હિસ્સો રહેતો ન હોવા બાબતે કાયદેસરના સોગંદનામાઓ કરી આપેલા છે. જેથી હવેથી એટલે કે તા. ૧૪/૧૦/૧૫થી આ મિલકતોના એકમાત્ર માલિકો અને કબજેદાર એકમાત્ર અમારા અસીલો છે. અને અમારા અસીલો સિવાય આ મિલકતોમાં બીજા કોઈનો તથા છુટા થનાર ભાગીદારોનો હોઈ હક્ક, હિત, હિસ્સો રહેતો નથી. અને વેચાણ કર્યા સિવાયની બાકી રહેતી સ.નં. ૮૬૨/૧, ૮૬૩માં આવેલી તમામ મિલકતો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે વેચાણ કર્યા સિવાયની બાકી જે મિલકત વેચાણ થયેલ હોય અને દસ્તાવેજ બાગી હોય અને નાણાં લેવાના બાકી હોય તે રહેતી મિલકતો બાબતે અમારા અસીલો (૧) પટેલ પ્રવિણભાઈ ઈશ્વરભાઈ (૨) ઘોડા મહેશકુમાર જયંતિલાલ સિવાય બીજા કોઈનો સંપર્ક ન કરવા કે લેવડ - દેવડ ન કરવા જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે. સ.નં. ૮૬૨/૧, ૮૬૩ના મિલકતો વેચાણ કરવા અને રકમ મેળવવા એકમાત્ર અમારા અસીલો (૧) પટેલ પ્રવિણભાઈ ઈશ્વરભાઈ (૨) ઘોડા મહેશભાઈ જયંતિલાલ હકદાર હોઈ તેઓની બંનેની સહી સંમતિ સિવાય કોઈપણ જાતનો કોઈ વ્યવહાર કે લેવડ-દેવડ કરવી નહી જે તે પણ જાહેર જનતાને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે.

સુચના અન્વયે
સીરાજ એ. મનસુરી (એડવોકેટ)
ઓફીસ : ૨૫, સંજર સોસાયટી, ડુગરવાડા રોડ, મોડાસા,
તા. મોડાસા, જી. અરવલ્લી. મો. ૯૪૨૭૫ ૧૪૪૮૬